સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), જિ.બોટાદ માટે
મકાન ભાડેથી રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:**SJED/EAA/e-file/17/2023/2568/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.As per e-sign.

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૨૮/૧૧/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.

(૨) આ વિભાગનો તા.૧૨/૦૮/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૯/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક:વિજાક/સછા/ મ.ભા./૨૦૨૫/૪૫૧.

(૪) નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮.

આમુખ:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૨૮/૧૧/૨૦૨૩ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮,૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે તા.૩૦/૧૧/૨૦૨૪ સુધી ભાડેથી રાખવા મંજૂરી આપેલ હતી. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૧૨/૦૮/૨૦૨૪ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮,૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી ભાડેથી રાખવા મંજૂરી આપેલ છે. નિયામકશ્રી, વિ.જા.ક. દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના પત્રથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮,૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે મકાન ભાડુ રિન્યુ કરવા અત્રે દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮,૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કે તા.૩૧/૦૫/૨૦૨૬** સુધી ભાડેથી રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

1. આ મકાનનું ભાડું મંજૂર થયા બાદ, જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
2. આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે અને તેની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.
3. આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારા-વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
4. મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.
5. મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખા, સી.સી.ટી.વી. કેમેરાની પુરતી સગવડ પોતાના ખર્ચે પુરી પાડવાની રહેશે.
6. ફાયર સેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.
7. મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ જે-તે વર્ષના બજેટમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
9. એક વર્ષ બાદ મકાન ભાડે રાખવાની જરૂરિયાત જણાય તો, કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર નવેસરથી

મેળવીને વિભાગને મંજૂરી અર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

૨. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૫/૦૬/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાનાઃ-

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.), બોટાદ (નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.